| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | :: | ૦૩.૧૧.૨૦૨૨ | | |
| દાખલ તારીખ | :: | ૦૩.૧૧.૨૦૨૨ | | |
| નિકાલ તારીખ | :: | ૦૭.૧૧.૨૦૨૨ | | |
| અવધિ | :: | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૦ | ૦૪ |

**મહીસાગર જીલ્લાના મહેરબાન સેકન્ડ એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.લુણાવાડા**

**ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૫૦૫/૨૦૨૨**
**આંક–**

**અરજદાર :–** **દિનેશભાઈ રમણભાઈ પટેલીયા**
ઉ.વ.૩૧, ધંધો.મજુરી,
રહે, નવા મુવાડા, નવી વસાહત પાછળ,
તા.સંતરામપુર, જી.મહીસાગર.

**વિરૂધ્ધ**

**સામાવાળા :–** **શ્રી સરકાર**

**બાબત:–** **ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૪૩૯ મુજબ જામીન અરજી...**

| | |
|---|---|
| અરજદારો તરફે વિ.વકીલશ્રી **એ.આઇ.પઠાણ** | |
| સામાવાળા તરફે વિદ્વાન સ્પે.પી.પી.શ્રી **વી.એલ.સંભવાણી** | |

**–: ઠ રા વ :–**

**(૧)** અરજદારની અરજીની વિગત એવી છે કે, આ કામના અરજદાર વિરૂધ્ધ સંતરામપુર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૨૦૪/૨૦૨૦ થી ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ–૬(એ)(૪), ૮(૨), ૧૦ તથા ધી ગુજરાત પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ ની કલમ–૧૧(એ)(એફ) મુજબનો ગુનો નોંધાતા હાલના અરજદાર તા.૦૭.૧૦.૨૦૨૨ ના રોજ થી જ્યુડીશીયલ કસ્ટડીમાં હોઇ જેથી હાલની જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદારના વિધ્વાન વકીલશ્રી એ.આઇ.પઠાણનાઓએ રજુઆત કરતાં જણાવેલ છે કે, અરજદાર વિરૂધ્ધ સંતરામપુર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૨૦૪/૨૦૨૦ થી ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ-૬(એ)(૪), ૮(૨), ૧૦ તથા ધી ગુજરાત પ્રાણી કુરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ ની કલમ-૧૧(એ)(એફ) મુજબનો ગુનો નોંધયેલ છે. અરજદાર વિરૂધ્ધની તપાસ પૂર્ણ થઇ ગયેલ છે અને જે અંગેનું ચાર્જશીટ થઇ જતાં જેનો ક્રિમીનલ કેસ નં. ૨૯૯/૨૦૨૧ પડેલ છે.અરજદાર મજુરી કરવા બહારગામ ગયેલ હોવાથી નામદાર કોર્ટમાં હાજર રહેલ નહી, અરજદાર ઉપર તેઓના કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. હવેથી અરજદાર નિયમીત રીતે કોર્ટમાં હાજર રહેશે, અરજદાર સંતરામપુર તાલુકાના સ્થાનિક રહેવાસી છે તેથી તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે. જેથી આરોપીઓની જામીન અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૩) જામીન અરજીનો વિરોધ કરતાં વિધ્વાન સ્પેશીયલ પબ્લીક પ્રોસીકયુટરશ્રી વી.એલ.સંભવાણીનાઓએ એવી રજુઆત કરેલ છે કે, આરોપી ટ્રાયલ કોર્ટમાં હાજર હેલ નથી તેથી તેઓ વિરૂધ્ધ નોનબેઇલેબલ વોરંટ ઇસ્યુ કરવામાં આવેલ છે. જો આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો તેઓ ફરીથી ગેરહાજર રહેશે અને કેસની ટ્રાયલ લંબાય તેમ છે આથી આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૪) આરોપી વિરૂધ્ધનો કેસ કમીટ થઇ અત્રેની કોર્ટમાં આવી ગયેલ છે. જેઓ સેશન્સ કેસ નં. ૯૭/૨૦૨૨ પડેલ છે. અરજદાર સંતરામપુર તાલુકાના સ્થાનિક રહેવાસી છે તેથી શરતોને આધિન તેઓને જામીન ઉપર મુકત કરવાનું ઉચિત જણાય છે, તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :: હુકમ ::

(૧) અરજદાર/આરોપી **દિનેશભાઇ રમણભાઇ પટેલીયા,** ઉ.વ.૩૧, ધંધો.મજુરી, રહે, નવા મુવાડા, નવી વસાહત પાછળ, તા.સંતરામપુર, જી.મહીસાગરની ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૪૩૯ અન્વયે જામીન મુકત થવાની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

**(૨)** અરજદાર/આરોપીએ રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા ટ્રાયલ કોર્ટમાં આપ્યેથી સંતરામપુર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૨૦૪/૨૦૨૦ થી ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ-૬(એ)(૪), ૮(૨), ૧૦ તથા ધી ગુજરાત પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ ની કલમ-૧૧(એ)(એફ) મુજબના કામે નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો:-**

(૧) અરજદાર/આરોપીએ કોર્ટની પૂર્વ પરવાગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૨) અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાને તોડવા ફોડવા કે ચેડાં કરવા નહીં.

(૩) અરજદાર/આરોપી તથા જામીનદારોએ પોતાના રહેઠાણનો સરકારી પુરાવો આપ્યેથી જ તેમના જામીન સ્વીકારવા.

(૪) અરજદાર/આરોપીએ દર મુદ્દતે અત્રેની કોર્ટમાં બિનચુક હાજર રહેવું.

**(૩)** આ હુકમની જાણ હકુમત ધરાવતા પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજરોજ તારીખ ૦૭મી માહે નવેમ્બર, સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭.૧૧.૨૦૨૨
લુણાવાડા.

**(જયેન્દ્રકુમાર નવનીતલાલ વ્યાસ)**
સેકન્ડ એડીશ્નલ સેશન્સ જજ,
લુણાવાડા, જી.મહીસાગર.
જીજે **00530**

એમ.એ.કાદરી
ગુજ.સ્ટેનો.